| | | |
|---|---|---|
| GJBK070008512025 | सत्यमेव जयते | Presented on : 24-11-2025<br>Registered on : 24-11-2025<br>Decided on : 17-07-2026<br>**Duration :**<br>**Years, Months, Days**<br>**00 07 23** |

**વાવના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં,**
**મુકામ : વાવ**

**<u>ક્રિ.કેસ.નં. ૬૭૯/૨૦૨૫</u>**
**<u>(માવસરી પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૫૦૩૦૨૫૦૧૨૦/૨૦૨૫)</u>**

**આંક.**

**<u>ફરિયાદી</u>: ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**<u>વિ રૂ ઘ્ઘ</u>**

**આરોપીઃ માલાભાઈ વિહાભાઈ રાજપુત(રાઠોડ),**
રહે.ટડાવ,તા.વાવ,જી.બ.કાં.

**<u>ગુનો</u>: <u>પ્રોહી એકટની ક.– ૬૫ એઈ,૧૧૬(૨),૯૮(૨) મુજબ.</u>**

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી આર.એમ. ગામીત
આરોપી તરફે વિ.વ.શ્રી વી.એસ.વેણ

**–:: <u>ચુ કા દો</u> ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૩/૦૮ /૨૦૨૫ ના કલાક ૧૩/૪૫ વાગે બ્રેજા ગાડી નં .જી.જે.૦૪.ડી. એ.૯૮૮૯ ના ચાલક આરોપી માલાભાઈ વિહાભાઈ રાજપુતએ પોતાના કબજા ભોગવટાની બ્રેજા ગાડીમાં ગે.કા. અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બિયરની બોટલ/ટીન નંગ–૨૧૪, કિં.રૂા.૨૦,૭૯૬/– તથા બ્રેજા ગાડીની કિં.રૂા.૫,૦૦,૦૦૦/– ની તથા પકડાયેલ આરોપીની અં

ગઝડતીમાંથી એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન ઓપો કંપનીનો જેની કિં.રૂા.૫૦૦૦/– ની એમ મળી કુલ કિં.રૂા.૫,૨૫,૭૯૬/– નો મુદામાલ મળી આવી ગુનો કર્યા વિગેરે બાબતેનો ગુનો દાખલ થયેલ અને આરોપીની તપાસ કરતા આરોપીએ પ્રોહીનો મુદામાલ આરોપી ભીખસિંહ વીશનસિંહ સોઢા,રહે. સાતા,તા.સેડવા,(રાજસ્થાન) વાળે આપેલ હોય જેની અવાન નવાર તપાસ કરતા તે આરોપી મળી ન આવતા તેને નાસ્તો ફરતો બતાવી આરોપીએ ધી પ્રોહીબિશન એકટની કલમ– ૬૫એઈ,૧૧૬(૨),૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય, જે રજી. કરી તપાસ કરનાર અમલદારે તપાસ સં ભાળી લઈ આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો હોઈ વાવ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલુ.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થતા આ કામે આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૩૦ ની જોગવાઈનું પાલન કેસ કાગળોની નકલો પુરી પાડીયા બાદ આરોપી સામે ફરીયાદના સંદર્ભ માં ગુના અંગેનુ આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવતાં, આ ગુનાના કામે આરોપીનો આંક–૦૫ થી જવાબ લેતાં તેમણે ગુનાનો ઈન્કાર કરેલો છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો આરોપીની રૂબરૂમાં નોંધવામાં આવેલો. ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનો ગુનો પુરાવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે.

**::: મૌખિક પુરાવો :::**

| ક્રમ | નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | વિજયભાઈ રતનસીભાઈ પટેલની જુબાની | પંચ | ૦૬ |
| ૨. | કમલેશભાઈ કાનાભાઈ પટેલની જુબાની | પંચ | ૦૮ |
| ૩. | રઘુદાન શંકરદાનની જુબાની | ત.ક.અ. | ૦૯ |

**::: દસ્તાવેજી પુરાવો :::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામ | ૦૭ |
| ૨ | ફરીયાદ | ૧૦ |

(૪) ઉપર મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજૂ કરેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૧ થી પુરશીસ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરવામાં આવેલ છે તેમજ હાલના કેસમાં આરોપીનુ વિશેષ નિવેદન નોધવા જેટલો પુરાવો ન હોય જેથી આરોપીનુ વિશેષ નિવેદન નોધવામાં આવેલ નથી ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી. પી.શ્રી તથા બચાવ પક્ષે આરોપી તરફે વિ.વ.શ્રી. ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) સદર કેસના નિર્ણય માટે મારે નીચે મુજબના મુદ્દા નિર્ણીત કરવા જરૂરી બને છે.

**::: મુદ્દા :::**

૧. શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૩/૦૮ /૨૦૨૫ ના કલાક ૧૩/૪૫ વાગે બ્રેજા ગાડી નં.જી.જે.૦૪.ડી. એ.૯૮૮૯ ના ચાલક આરોપી માલાભાઈ વિહાભાઈ રાજપુતએ પોતાના કબજા

ભોગવટાની બ્રેજા ગાડીમાં ગે.કા. અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બિયરની બોટલ/ટીન નંગ–૨૧૪, કિં.રૂા.૨૦,૭૯૬/– તથા બ્રેજા ગાડીની કિં.રૂા.૫,૦૦,૦૦૦/– ની તથા પકડાયેલ આરોપીની અંગઝડતીમાંથી એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન ઓપો કંપનીનો જેની કિં.રૂા.૫૦૦૦/– ની એમ મળી કુલ કિં.રૂા.૫,૨૫,૭૯૬/– નો મુદામાલ મળી આવી આરોપીએ ધી પ્રોહીબિશન એકટની કલમ– ૬૫એઈ,૧૧૬(૨),૯૮(૨) મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણય જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

(૭) ફરીયાદપક્ષે **આંક–૦૬ થી પંચ વિજયભાઈ રતનસીભાઈ પટેલ નાઓએ** સોગંદ ઉપર પુરાવો આપતા જણાવેલ છે કે,આજથી છ માસ પહેલા હું ડેરી જતો હતો ત્યારે પોલીસે એક તૈયાર પંચનામામાં મારી સહી કરાવી લીધેલ તે સિવાય હું બીજી કોઈ હકીકત જાણતો નથી મારી રૂબરૂ પંચનામાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. મને પંચનામાની ખરી નકલ બતાવવામા આવે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી જે હું ઓળખી બતાવું જે આ કામે રજુ દાખલ આંક–૦૭ આપવામાં આવે છે.

સદર પંચ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ કોર્ટની પરવાનગીથી સદર પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે જેમાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે લેવાયેલ ઉલટતપાસમા પંચ એ હકીકત કબુલ રાખેલ છે કે મે તૈયાર પંચનામામાં સહી કરેલ. આ સિવાય હું બીજુ કંઈ જાણતો નથી.

(૮) ફરીયાદપક્ષે **આંક–૦૮ થી પંચ કમલેશભાઈ કાનાભાઈ પટેલ નાઓએ** સોગંદ ઉપર પુરાવો આપતા જણાવેલ છે કે,આજથી છ માસ પહેલા હું ડેરી જતો હતો ત્યારે પોલીસે એક તૈયાર પંચનામામાં મારી સહી કરાવી લીધેલ તે સિવાય હું બીજી કોઈ હકીકત જાણતો નથી મારી રૂબરૂ પંચનામાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. મને આંક–૦૭ થી રજુ પંચનામુ બતાવવામાં આવે જેમાં પંચ નં.ર તરીકે મારી સહી જે હું ઓળખી બતાવું છુ.

સદર પંચ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ કોર્ટની પરવાનગીથી સદર પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે જેમાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે લેવાયેલ ઉલટતપાસમા પંચ એ હકીકત કબુલ રાખેલ છે કે મે તૈયાર પંચનામામાં સહી કરેલ. આ સિવાય હું બીજુ કંઈ જાણતો નથી.

(૯) ફરીયાદપક્ષે **આંક–૦૯ થી ત.ક.અમલદાર રઘુદાન શંકરદાન નાઓને** સોગંદ ઉપર પુરાવો આપતા જણાવેલ છે કે, ગઈ તા.૪/૮/૨૫ ના રોજ માવસરી પો.સ્ટે.માં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતો હતો તે દરમીયાન માવસરી પો.સ્ટે. ગુના.રજી.નં.૫૦૧૨૦/૨૫ પ્રોહી એકટની કલમ–૬૫એઈ,૧૧૬(બી),૯૮(૨) ના ગુનાની તપાસ અમો પાસે આવતાં ઓમએ સંભાળી લીધેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદના નિવેદન તેમના લખાવ્યા મુજબ નોધી લીધેલ. તેમજ કબ્જે કરેલ મુદામાલ સેમ્પલ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. માં મોકલી આપેલ. તેમજ આરોપી અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. તેમજ આ કામે આરોપી ભીખસિંહ વિશનસિંહ સોઢા તપાસના કામે મળી આવેલ ન હોઈ જેઓને ચાર્જશીટના કામે નાસતો ફરતો બતાવેલ તેમજ હાલની આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો હોઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સદર કામની ગુનાની ફરીયાદ હીરાભાઈ જગાભાઈનાઓએ આપેલ મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે તેઓની સહી છે જ ઓળખી બતાવું જે રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે. આરોપીને જોયેથી ઓળખું છું. જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

બચાવપક્ષે લેવાયેલ ઉલટ તપાસમાં ત.ક.અમલદાર જણાવે છે કે એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જાહેર રોડ આવેલ હોય ત્યાં માણસો તથા વાહનોની અવર જવર રહે છે.

એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યાની માલીકી બાબતે અમોએ કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. પંચોના લખાવ્યા મુજબ પંચનામુ લખેલ નથી એ વાત ખરી નથી કે કામગીરી બતાવવા આરોપી વિરૂઘ્ઘ ખોટી તપાસ કરી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું. તમે આરોપી વિરૂઘ્ઘ પુરતો પુરાવો ના હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેવામાં આવે તો,સદર કામે આં ક–૦૭ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ વિજયભાઈ રતનશીભાઈ પટેલ તથા કમલેશભાઈ ખાનાભાઈ પટેલનાઓ પંચનામામાં સહી સિવાયની કોઈ જ હકીકતને સમર્થન કરતા ના હોય જેથી સદર પંચ સાહેદની જુબાની થકી રજુ પંચનામુ પુરવાર થતુ નથી. ત્યારબાદ આં ક–૦૯ થી તપાસેલ ત.ક.અમલદાર રઘુદાન શંકરદાનની જુબાની જોતા તેઓ તેમની જુબાનીમાં એ હકીકત કબુલ રાખે છે કે ગુનાવાળી જગ્યા જાહેર રોડ હોઈ ત્યાં વાહનોની તથા માણસોની અવર–જવર રહેતી હોવા છતા કોઈ સ્વતં ત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી તેમજ ફરીયાદમાં પંચોના નામ લખેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરે છે તેમજ રેડ વાળી જગ્યાની માલીકી બાબતે કોઈ તપાસ કરેલ ન હોવાનુ

જણાવે છે આમ હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી,તેમજ ફરીયાદમાં જણાવ્યા મુજબની બ્રેજા ગાડી કોની માલીકીની હતી તે અંગે પણ કોઈ તપાસ કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી કે સદરહું ગાડીની આર.સી.બુક તપાસના કામે કબજે કરેલ હોવાનુ જણાઈ આવતુ નથી ત્યારે મળેલ બ્રેજા ગાડીમાંનો દારૂ એ આરોપીની માલીકીનો હતો તેશંકાથી પર સાબીત થયેલ નથી. ત.ક. અમલદારનો પુરાવો ધ્યાને લેતા પ્રાથમિક પંચનામુ પણ કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદમા પંચોના નામ લખેલ નથી તે અંગે પણ કોઈનન યોગ્ય ખુલ્લાસો કરવામાં આવેલ નથી તેમજ ત.ક.અમલદારે મુદ્દામાલ એફએસએલમાં મોકલ્યા નો કોઈ આધાર હાલના કામે રજુ કરેલ નથી તથા એફ.એસ. એલ.કચેરીનો રીપોર્ટ પણ હાલના કામે રજુ રાખેલ કરેલ નથી વધુમાં, હાલના કેસમાં જયારે ત.ક.અમલદાર બં ને પોલીસ સાહેદ છે ત્યારે તેઓના પુરાવાને સ્વતંત્ર પુરાવાનું સમર્થન મળવુ ઈચ્છનીય છે પરંતુ હાલના કેસમાં માત્ર ત.ક.અમલદારશ્રીનો પુરાવો રજુ છે, અને કોઈ પોલીસ સાહેદોનો કે કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવા રજુ નથી, નિવેદન લેવાયલ નથી. જે હકીકત ધ્યાને લેતાં આરોપીની સં ડોવણી અંગેના સ્પષ્ટ પુરાવા રજુ ન હોઈ તેમજ રજુ પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન મળેલ ન હોઈ ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉદભવે છે અને આવી વ્યાજબી શં કાનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

**(૧૧)**આમ,ફરીયાદપક્ષે રજુ પુરાવાની ઉપરોકત ચર્ચા આધારે હાલના કામે કબજે કરવામાં આવેલ વિદેશી દારૂનો મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોઈ તેમજ દારૂ આરોપીનો હોવાનુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરી શકેલ ન હોય જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર– ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ અન્વયે આરોપીને પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઈ,૧૧૬(૨),૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન તથા મોબાઈલ ફોન અંગે જો વચ્ચગાળાનો હુકમ થયેલ હોય તો કાયમ રાખવામાં આવે છે અન્યથા સંબધિત પો.સ્ટે.ના પી.એસ.આઈ.શ્રીએ અપીલ સમય બાદ ધારા ધોરણસર કાર્યવાહી કરી મુળ માલીકને પરત કરવો તેમજ પ્રોહી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ ધોરણસર નાશ/નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદરહું કામના આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સહીતાની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય માટેના રૂા. ૧૫,૦૦૦/- ના જામીન તથા જાત-મુચરકા રજૂ કરવા.

હુકમ આજરોજ તા.૧૭, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

Date :17-07-2026
WAV

MR.L.I.VADHVA
PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C
WAV- GJ01700